# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/પ/કવા-૦૧/૨૦૧૯-૨૦/ 4109-1 તારીખ : 19-6-19

**રજી. એડી. પત્ર**

પ્રતિ,

કુંમર વિશાલ સવજીભાઈ

સુર મંદીર, ૦૫-મેઘાણી નગર, કોઠારિયા રોડ,

મુ. પો. : રાજકોટ -૩૬૦૦૦૨, તા. : રાજકોટ , જી. : રાજકોટ ,

મોબાઈલ : ૯૮૨૮૨ ૫૩૩૫૬

વિષય : ઔદ્યોગિક વીજજોડાણ ચાલુ કરવા બાબત.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૨૫-૦૩-૨૦૧૯.

( અત્રેના ફોરમની નોંધણી નંબર : પ/કવા-૦૧/૨૦૧૯-૨૦ )

મહોદયશ્રી,

આપશ્રીની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્રની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપશ્રીને મોકલવામાં આવે છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )

કા.વા. કન્વીનર

ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,

પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૩.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૧ ની વિનિયમ નં.- ૨.૫૨ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(3) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, વાવડી રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૫/ક્વા–૧/૨૦૧૯–૨૦/** તા.

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૫/ક્વા–૧/૨૦૧૯–૨૦

અરજદાર: કુંમર વિશાલ સવજીભાઈ ગામ: રાજકોટ
રજૂઆત કરનાર: અરજદાર હાજર રહેલ નથી.

## :: વિરુધ્ધ ::

**સામાવાળા:** કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – રાજકોટ શહેર-૩
**રજૂઆત કરનાર:** કાર્યપાલક ઈજનેર શ્રી એચ. બી. પરમાર - રાજકોટ શહેર-૩

## :: કોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી
૩) મેમ્બર ટેકનીકલ – એન.ડી.ધામેલીયા

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૨૮-૦૫-૨૦૧૯ ( મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૮-૦૫-૨૦૧૯ ( મંગળવાર)ના રોજ રાખવામાં આવેલ ત્યારે સદર કેસની સુનાવણી કરવામાં આવેલ.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર **શ્રી** કુંમર વિશાલ સવજીભાઈ તા. : રાજકોટ , ની અરજી ના નોધણી નંબર : ૫ /ક્વા-૦૧/૨૦૧૯-૨૦ માં જણાવે છે કે – તેઓએ ૭ કીવો નુ ઓર્ધોગીક હેતુ નુ વીજજોડાણ મેળવવા માટે તા.૧૨–૧૧–૧૮ રસીદ નંબર:૧૮૪૨૫૫ થી રૂ.૪૦૦/– ભરપાઈ થયા બાદ ભાવપત્રક મળેલ જે તા.૦૧–૧૨–૧૮ ના રોજ ભરપાઈ કરી આપેલ. જે બી–ટાઈપ નુ વીજજોડાણ મંજુર કરાયેલ હોય – ૦૩ માસ થી વધુ સમય પસાર થવા છતા, વીજપોલ ઉભો કરેલ ન હોવાથી ટેસ્ટ રીપોર્ટ સ્વીકારાતો નથી. તેમજ વીજજોડાણ ચાલુ કરાતુ નથી. જેથી, અરજદારે સમયમર્યાદા કરતા વધુ સમય થયેલ હોય – નિયમાધીન રીતે વળતર મેળવવા માટે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે - પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- કુંમર વિશાલ સવજીભાઈ, સુર મંદિર, ૦૫-મેઘાણી નગર, કોઠારિયા રોડ, રાજકોટની ઔદ્યોગિક વીજ જોડાણ ચાલુ કરવા બાબત ની અરજી અનુસંધાને વાવડી સ/ડી દ્વારા તા.૦૬.૦૪.૨૦૧૯ ના રોજ સદર વીજ જોડાણ રીલીઝ કરવામાં આવેલ છે. તેમજ તેના ગ્રાહક નં. ૩૪૫૧૩-૪૨૫૭૯-૨ છે.

૩.૧ આમ, ઉપરોક્ત મુદદા નં. ૩.૦ મુજબ ની વિગતે – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નિયમાધીન કાર્યવાહી કરાતા – અરજદાર ની ફરીયાદ નુ સંતોષકારક નિરાકરણ થયેલ હોય, ફરીયાદી અરજદાર શ્રી એ તા.૧૩–૦૪–૧૯ ના રોજ સમાધાન પત્ર મા સહી કરી આપેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ પેરા નં ૨.૦, ૨.૧ અને પેરા નં ૩.૦ થી ૩.૧ અન્વયે અરજદારની સદર ફરિયાદનું નિરાકરણ થતા -અરજદારની લેખિત સમંતિ મુજબ – સમાધાનપત્ર(પુરશીશ) તા.૧૩–૦૪–૧૯ થી રજુ કરાયેલ છે.

૪.૨ આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનું રહેતું ન હોય, અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

૪.૩ સદર ફરિયાદ નો આ તબ્બકે નિકાલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (એન. ડી. ધામેલીયા) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેક) | કા.વા.ચેરપર્સન |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

05-Q1-19-20